


بسم الله الرحمن الرحيم

رَبِّ زِدْنِي عِلْمًا وَّارْزُقْنِي فَهْمًا

**અય મારા રબ! મારું ઈલ્મ વધાર,**
**અને મને સમજદારીની રોજી અતા કર.**

**સરપરસ્ત**



**મર્હૂમ અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.) અને પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદ્દે.)**



**અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

# જાફરી આવાઝ

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

**Vol.-13, Issue-5, April-2026**

વર્ષ : ૪૨ સળંગ અંક : ૫૩૨

**સંપાદક મંડળ**

આદ્ય તંત્રી : મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા
તંત્રી : કાસિમભાઈ વિજાપુરા–૯૪૨૬૫૪૧૪૭૨
સહતંત્રી : ફૈઝમોહંમદ મસી
સલાહ–માર્ગદર્શન : મૌલવી હાસમભાઈ ગાંધી (કેસીમ્પા)
મૌલવી સાદિકઅલી નાંદોલીયા (ડીંડરોલ)
લેસર&ગ્રાફીક વર્ક : શબ્બીરઅલી રેવાસીયા
અકબરહુસૈન ફત્તેહ

**વ્યવસ્થાપક મંડળ**

વ્યવસ્થાપક : રઝાઅલી ખાણશીયા–૮૪૬૦૪૯૨૪૨૯

**કાર્યાલયનું સરનામું**

'જાફરી આવાઝ' (માસિક)
મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા
પીન – ૩૮૩૨૨૦

Website : www.jafariaawaz.com ❄ email : jafariaawaz@gmail.com


## લેખાનુક્રમ


- **તંત્રી લેખ** ........................................ 4
  -તંત્રી, કાસિમભાઈ વિજાપુરા
- **ઉઘડતે પાને**
  **હિદાયત:** હુદહુદ પક્ષી અને મલિકાએ સબા... 5
  -હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)
- **પીરની નિશાનીઓ અને મુરીદની લાયકાત** . 9
  -હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મહેરહુસૈન જાફરી (રહ.)
- **પીરના ઘરમાં** .................................12
  -અકબરહુસૈન મોહંમદઅલી મોમિન 'અલિફ' (પાડગોલ)
- **મોહંમદી દસ્તરખ્વાન** .......................13
  -હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)
- **કુરઆન શિક્ષણ** .............................15
  -હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)
- **હિદાયતના સિલસિલાની નવી કડીનો ઉદય** .................................17
  -સહતંત્રી, ફૈઝમોહંમદ મસી
- **મિસ્બાહુશ્શરીઆ** ...........................19
  -હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)
  હાજરપીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદ્દે.)
- **ઇબાદાત** ...................................... 27
  -તંત્રી, કાસિમભાઈ વિજાપુરા
- **કુરઆને મજીદના સૂરાઓનાં નામોનો પરિચય** ........................... 29
  -તંત્રી, કાસિમભાઈ વિજાપુરા
- **તહ્ઝીબુલ ઇસ્લામ** ........................ 35
  -હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)
- **આપણા ઘરની વાતો** ...................... 39
- **વલીઅહદ પીર સૈયદ મોહંમદ મુન્તઝિમહુસૈન જાફરી (મદ્દે.)ની વિલાદતની ખુશાલી પ્રસંગે મળેલ ડોનેશન** .....................................41
- **'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન** .....42

# તંત્રી સ્થાનેથી...

બીજી શવ્વાલ, હિજરી સન-૧૪૪૭.

બાવીસમી માર્ચ, ઈસવી સન-૨૦૨૬.

રવિવારનો દિવસ.

આ દિવસનો સૂર્ય સમગ્ર શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅત માટે ખુશીઓની સોગાત લઈને ઊગ્યો.

શા માટે?

એટલા માટે કે જેની આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી હતી તે દિવસ આવી ગયો હતો.

ખુશીઓ એટલા માટે કે આ દિવસે હાજરપીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદ્દે.) વલ્દે અલ્હાજ હઝરત પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)ના ઘેર વલીઅહદની વિલાદત થઈ છે.

વલીઅહદની વિલાદતના સમાચાર વાયુવેગે સમગ્ર બાવીસી જમાઅતમાં પ્રસરી ગયા. સમાચાર મળતાં જ કોઈએ 'અલ્હમ્દોલિલ્લાહ' કહ્યું, તો કોઈ અલ્લાહનો શુક્ર બજાવી લાવ્યું. કેટલાક લોકોએ તો બારગાહે ઈલાહીમાં પોતાનાં સર સજ્દામાં ઝુકાવી દીધાં.

જમાઅતમાં ખુશાલી જ ખુશાલી થઈ ગઈ. સૌ કોઈના હૈયામાં હરખ માતો નહોતો. બધા લોકો એકબીજાને 'ઈદ મુબારક'ની સાથે સાથે 'વલીઅહદ મુબારક'ની મુબારકબાદી પાઠવીને પોતાની ખુશીઓ વ્યક્ત કરતા હતા.

મોમિનો અને મોમિનાઓ એકબીજાને મીઠાઈઓ વહેંચવામાં વ્યસ્ત બની ગયાં. ઈમામવાડાઓને લાઈટથી શણગારવામાં આવ્યા. તો કેટલાક ગામોમાં રંગબેરંગી ફુગ્ગાઓની સજાવટ કરવામાં આવી. જમણવારનું આયોજન કરવામાં આવ્યું.

મોમિન જમાઅત ઉપરાંત બીજા લોકોને પણ જમવાની દાવત આપવામાં આવી. જમણવારનો આ સિલસિલો બેથી ત્રણ દિવસો સુધી ચાલુ રહ્યો. અમુક મોમિનોએ કર્ઝે હસનામાં આપવા માટે રકમ લખાવી.

બીજા દિવસે, મેહેર લાઈબ્રેરી એન્ડ જાફરી સેમિનરીમાં હાજરપીરને મુબારકબાદી આપવા માટે મોમિન ભાઈબહેનો ઊમટી પડ્યાં હતાં. આ સિલસિલો કેટલાય દિવસો સુધી ચાલુ રહ્યો.

અંતમાં, 'શમીમ' ફૈઝઆબાદીના એક શેઅરની સાથે સમાપન કરું છું:

یہ جانشینِ اہلِ ہدایت جواں رہے
یارب ہے تیرے ہاتھ میں دے عمر خضرؑ کی

તંત્રી,

કાસિમભાઈ વિજાપુરા

## હિદાયત:

# હુદહુદ પક્ષી અને મલિકાએ સબા (બીબી બિલ્કીસ)નો કિસ્સો

અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)

اَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ وَالصَّلٰوةُ وَالسَّلَامُ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّيِّبِيْنَ

(ગતાંકનું ચાલુ)

سلیمان علیہ السلام کی موت ایک مدت تک کیوں پوشیدہ رہی؟

એટલે અલ્લાહની શી મસ્લેહત હતી કે હઝરત સુલયમાન (અ.)નું મોત એક મુદ્દત સુધી લોકોથી છુપાયેલું રહ્યું?

یہ بات کہ حضرت سلیمانؑ کی موت ان کے کارکنانِ حکومت پر کتنی مدت تک مخفی رہی، صحیح طور پر واضح نہیں ہے۔ایک سال؟ایک ماہ؟یا چند روز؟

કુરઆન શરીફ સ્પષ્ટ કરતું નથી, કારણ કે જરૂર નહીં હોય આપણને. જેટલું જરૂર હોય એટલું જ આપણને સમજાવે છે. તો પણ રિસર્ચર, રિસર્ચ કરનારાઓ આગળ જાણવાનો પ્રયત્ન કરે છે કે કેટલી મુદ્દત હશે. એક વર્ષ હશે, એક મહીનો હશે, કે થોડાક દિવસો જ હશે?

مفسرین کا اس سلسلہ میں ایک نظریہ نہیں ہے۔

એટલે એમનામાં જે મુફસ્સિર છે, તફસીરકારો છે, ઈતિહાસકારો છે, તે લોકો કોઈ એક નતીજા ઉપર આવ્યા નથી. એમાં પણ જુદા જુદા વાદવિવાદ છે.

کیا یہ اخفا اور کتمان ان کے اصحاب اور ارکان سلطنت کی جانب سے صورت پذیر ہوا تھا؟ کیا انہوں نے جانتے بوجھتے اس غرض سے کہ کہیں امور سلطنت کا رشتہ وقتی طور پر بکھر نہ جائے، ان کی موت کو پوشیدہ رکھا؟

હવે આ કુરઆન શરીફ જે વાત કરે છે કે એક મુદ્દત સુધી તેમના મોત વિષે કોઈને ખબર પડી નહીં. તો આ આના ઉપર પણ કંઈ ઊંડો વિચાર કરી રહ્યા છે, કે આ વાત એમના દરબારીઓએ છુપાવી હતી કે જે સલ્તનતનું કાર્ય છે, હુકૂમતનું કાર્ય છે તે ચાલતું રહે અને વિઘ્ન ન પડે?

یا یہ کہ اصحاب وارکان سلطنت بھی اس امر سے آگاہی نہیں رکھتے تھے؟

અથવા તો એ વાત છે કે તેમના મંત્રીઓ અને નજીકના લોકો પણ આ વાતથી બેખબર હતા? એમને ખબર ન હતી? એટલે આયતથી તો એવું જ જાણવા મળે છે કે આવ્યો એક સુંદર યુવાન — મલકુલ મૌત સુંદર યુવાનના વેશમાં — અને તેણે રૂહ કબ્ઝ કરી લીધી. હવે રૂહ કબ્ઝ કરી, અલ્લાહ કહે છે કે શું વાતચીત થઈ, કોઈ પણ જાણતું નથી કે શું વાતચીત થઈ, તો પછી દરબારીઓને પણ શું

ખબર પડે! અને આપણે આયત ઉપર ગૌર કરીએ તો આપણને ખબર પડી જાય છે, પણ આ લોકોને ઊંડાણમાં ઊતરવાની આદત છે એટલે ઊતરી રહ્યા છે. જોઈએ ક્યાં સુધી પહોંચે છે.

یہ بات بہت ہی بعید نظر آتی ہے کہ ایک طولانی مدت تک، یہاں تک کہ ایک دن سے زیادہ ہی سہی، ان کے اطرافیان (گرد و پیش رہنے والے اصحاب و ارکان سلطنت) بھی آگاہ نہ ہوں، کیونکہ یہ بات تو مسلم ہے کہ کچھ لوگ ان کا کھانا لے جانے پر مامور تھے اور ان تک دوسری ضروریات پہنچاتے تھے، وہ تو اس واقعہ سے ضرور آگاہ ہو جاتے، اس بناء پر بعید نہیں ہے، جیسا کہ بعض مفسرین نے کہا ہے۔

એટલે આ લોકો આવી દલીલ કરી રહ્યા છે કે એમના દરબારીઓ કે એમના સેવકો જે હશે, ખાવાના ટાઈમે ખાવાનું લઈને આવતા હશે, અને જે જે દિનચર્યાની વાતોમાં તેમની મદદ કરતા હશે તે લોકો તો આવતા જ હશે. હઝરત સુલયમાન (અ.) આમ ને આમ કે થોડાક જ દિવસ સુધી પણ ઊભા રહે, તો એ લોકોને તો ખબર પડી જ જવી જોઈએ. તો એ વિષે શું છે? શું તે લોકોએ જાણીજોઈને હઝરત સુલયમાન (અ.)ને આવી રીતે ઊભા રહેવા દીધા કે એમની સલ્તનતમાં કંઈ ફસાદ બરપા ન થાય? તો એ કહે છે કે સૌથી વધારે સંભાવના તો એ વાતની છે — કુરઆન શરીફ સ્પષ્ટતા કરતું નથી, પરંતુ એમને આ વાતની સંભાવના લાગે છે — કે તેમના દરબારીઓ ને તેમના સેવકો હઝરત સુલયમાન (અ.)ના મોતથી થોડા કલાક કે જે પણ મુદ્દત હોય એના પછી વાકેફ થઈ ગયા હતા, પરંતુ તેમની રૈયતને પછી ખબર કરવામાં આવી.

لیکن اسے کچھ مصلحتوں کی بناء پر مخفی رکھا، اسی لئے بعض روایات میں آیا ہے کہ اس مدت میں آصف بن برخیا...

આપણે પહેલાં જોઈ ગયા. આ માનવા જેવી વાત લાગે છે. આસિફ બિન બર્ખિયા — કુરઆન શરીફ અથવા અલ્લાહની કિતાબ, એ જે પણ હોય — અલ્લાહની કિતાબમાંથી થોડુંક ઈલ્મ ધરાવતા હતા, અને તખ્તને પલકના ઝપકારામાં લઈ આવ્યા હતા. એવા દરબારી, એમનાથી ગેબની વાત કદાચ છૂપી ન રહે, એ તો જાણતા જ હશે. તો આવા જે અલ્લાહ સુધી પહોંચેલા દરબારીઓ હોય એમને ખબર હોય, તો એ માનવામાં આવે એવી વાત છે.

ان کے وزیر خاص ملک کے امور کی تدبیر کرتے اور نظم و نسق چلاتے رہے۔

એટલે આસિફ બિન બર્ખિયા એમના મંત્રી હતા અને તે કદાચ જાણી ચૂકયા હોય, અને તેમણે બીજા બધા લોકોથી આ વાત છૂપી રહેવા દીધી હોય. આ શકય લાગે છે. આ મને પણ શકય લાગે છે.

کیا سلیمانؑ کھڑے ہوئے عصا کے ساتھ ٹیک لگائے ہوئے تھے یا بیٹھے ہوئے اپنے ہاتھ عصا پر رکھے ہوئے تھے؟

હઝરત સુલયમાન (અ.)ની પરિસ્થિતિ કેવી હતી એના ઉપર વિચાર કરી રહ્યા છે, કે ઊભા ઊભા તેઓ તેમની લાકડીને ટેકીને ઊભા હતા કે બેસીને તેમની લાઠીનો સહારો લીધો હતો?

اور سر کو ہاتھوں پر ٹکائے ہوئے تھے؟

હવે હઝરત સુલયમાન (અ.)એ આવો મોઅજિઝો દેખાડવાનો નિર્ણય કર્યો હશે કે આવી રીતે દિવસો સુધી બેઠા રહે.

یہاں تک کہ ایک روایت میں یہ بیان کیا گیا ہے کہ آہستہ آہستہ ایک گروہ کے درمیان زمزمہ پیدا ہوا کہ سلیمانؑ کی پرستش کرنی چاہئے۔

કારણ કે ખાવાનું ખાતા ન હતા, પાણી નહોતા પીતા, આમ ને આમ બેઠા રહેતા હતા; ન ખાવાની મોહતાજી, ન પાણીની મોહતાજી, તો કેટલાક લોકોએ ખુદા માનવાનું શરૂ કરી દીધું, અને એ લોકોએ નિર્ણય કર્યો કે હવે તેમની પૂજા કરવાનું શરૂ કરવું પડશે.

کیا ایسا نہیں ہے کہ وہ ایک عرصہ سے ایک ہی جگہ پر ثابت و برقرار ہے؟ نہ تو وہ سوتا ہے، نہ کھانا کھاتا ہے، اور نہ پانی پیتا ہے۔

એ લોકો આવી રીતે વિચારવા લાગ્યા.

لیکن جس وقت عصا ٹوٹا اور سلیمانؑ نیچے گرے، تو یہ تمام رشتے ایک دوسرے سے ٹوٹ گئے اور ان کے خیالات نقش بر آب ہو گئے۔

એટલે એ લોકોએ માંડી વાળ્યું પછી પૂજા કરવાનું.

હઝરત સુલયમાન (અ.) વિષે જે જે આયતો હતી કુરઆન શરીફમાં એમનું વર્ણન પૂરું થયું.

હવે અલ્લાહથી દુઆ કરું કે,

- અલ્લાહ આપણને સાચા અર્થમાં મોમિન બનાવે,
- આપણી ફરજ નિભાવવાની અલ્લાહ આપણને

અને લાઠીનો સહારો લીધો હોય, હાથ લાઠી ઉપર હોય, અને માથું હાથ ઉપર હોય એવી રીતે બેઠા હતા?

اور اسی حالت میں ان کی روح قبض ہو گئی، اور وہ ایک مدت تک اسی طرح رہے؟ اس سلسلے میں مختلف احتمالات ہیں۔

જુદી જુદી સંભાવનાઓ આવે છે, પણ છે.

اگرچہ آخری احتمال زیادہ نزدیک نظر آتا ہے۔

પરંતુ વધારે જે વાત સંભવ લાગે છે, એ એ છે કે બેઠેલા હોય અને તેમનું માથું તેમના હાથ ઉપર હોય, હાથ તેમની લાઠી ઉપર હોય, અને એવી મુદ્રામાં બેઠેલા હોય અને આવી રીતે મોત આવ્યું હોય.

اگر یہ مدت طولانی تھی تو کیا غذا کا نہ کھانا اور پانی کا نہ پینا دیکھنے والوں کے لئے کوئی مسئلہ پیدا نہیں کرتا تھا؟

જો વધારે મુદ્દત સુધી આવા રહ્યા હોય, તો પાણી પણ નહોતા પીતા, ખાવાનું નહોતા ખાતા, તો આસિફ બિન બર્ખિયા સિવાય પણ બીજા લોકો હશે કે જે એમની સેવા કરતા હશે, તો તેમનાથી કેવી રીતે છૂપી રહી?

چونکہ سلیمانؑ کے تمام کام عجیب و غریب تھے۔

તેમની બધી વાતો વિચિત્ર હતી, જીવનકાળમાંય.

لہذا وہ شاید اس مسئلہ کو بھی عجیب و غریب شمار کرتے تھے،

એટલે આ પણ વાત વિચિત્ર લાગતી હોય કે

તાકત આપે,

- અલ્લાહ આપણાં માબાપનો સાયો આપણા સર ઉપર હંમેશાં કાયમ રાખે,
- આપણી ઓલાદનું સુખ હંમેશાં આપણને દેખાડે,
- આપણા જે જે સંબંધીઓ છે, સિલેરહેમી કરવાની અલ્લાહે આપણા ઉપર જેમના માટે ફરજ પાડી છે, તે લોકો સાથે આપણે સદ્‌વ્યવહાર કરીએ અને તેમને મદદરૂપ થતા રહીએ તેવી અલ્લાહ શકિત આપે,
- અને દુનિયામાં અલ્લાહ આપણને એવી મોહતાજી ન આપે કે ઈબાદતથી આપણને દૂર રાખે, અને એવી દોલત આપે કે જે આપણને ઈબાદતમાં મદદગાર થાય, અને દુનિયા અને આખેરતમાં સલામત રાખે,
- આપણને દરેક બીમારી–બલાથી બચાવે, અને જે જે વસ્તુ આપણે આપણા માટે માગીએ છીએ તે અલ્લાહ દુનિયાનાં બધાં મોમિનીન અને મોમિનાતને આપે,
- અને બધાંને દુનિયા અને આખેરતમાં નેકી અતા ફરમાવે, અને દોઝખના અઝાબથી મહેફૂઝ રાખે.

آمِيْنَ، يَا رَبَّ الْعَالَمِيْنَ

اَللّٰهُمَّ صَلِّ عَلٰى مُحَمَّدٍ وَّآلِ مُحَمَّدٍ

(કિશોરગઢ મુકામે પઢેલ ખુત્બા–૫, તા. ૧૩/૧૧/૨૦૦૬)

*હઝરત અમીરુલ મોમિનીન (અ.)ને પૂછવામાં આવ્યું કે, "અલ્લાહના વલીઓ કોણ છે?" તો આપ (અ.) એ ફરમાવ્યું કે, "તેઓ એવા લોકો છે કે જેમને અલ્લાહ તઆલાએ પોતાની ઈબાદત માટે પાક કર્યા છે. આ લોકો દુનિયાના બાતિન તરફ ત્યારે નજર રાખે છે કે જ્યારે લોકો દુનિયાના જાહેર તરફ નજર રાખતા હોય છે. આવી રીતે આ લોકો દુનિયાના અંતને ઓળખી લે છે એવા સમયે કે જ્યારે અન્ય લોકો તેના વર્તમાનથી અંજાયેલા હોય છે, અને અલ્લાહના વલીઓ દુનિયાની અમુક વસ્તુઓને એટલું જાણીને છોડી દે છે કે તે વસ્તુઓ પણ તેમને છોડી દેવાની છે, અને તેઓ દુનિયાની અમુક વસ્તુઓને એટલું જાણીને મારી નાખે છે કે તે વસ્તુઓ પણ તેમને મારી નાખનારી છે." તે પછી આપ (અ.)એ ફરમાવ્યું કે, "અય એવા લોકો કે જેમના શ્વાસ દુનિયા ખાતર મંદ પડી ચૂકયા છે! જેઓ તેના આકર્ષણ ઉપર પડાપડી કરી રહ્યા છે! જેઓ એવું ઘર બનાવવા ખાતર મહેનત કરી રહ્યા છે કે જે જર્જરિત થઈ જવાનું છે! શું તમે મુસીબતોમાં તમારા વડવાઓના મરી જવાને નથી જોતા? શું તમે તમારા વંશજોની કબ્રોને ડુંગરોની નીચે અને પાતાળમાં નથી જોતા? કેટલા બધા લોકોને તમારા હાથોએ બીમાર પાડ્યા! કેટલા બધા લોકોને તમારી હથેળીઓએ કમજોર કર્યા! તેમના માટે તબીબોએ સારામાં સારો ઈલાજ કર્યો! તેમના માટે સગાંવહાલાંએ ભરપૂર મહેનત કરી! તેમ છતાંય તમારી દોલત તેમને કોઈ કામ ન આવી, અને તમારી દવાથી તેઓ સાજા ન થયા."[1]*

1 મતાઉસ્સકલૈન લિ - મુજાહિદહુસૈન, ભાગ–૩, સફહા–૪૦૨

# પીરની નિશાનીઓ અને મુરીદની લાયકાત

## અલ્હાજ પીર સૈયદ મોહંમદ મહેરહુસૈન જાફરી (રહ.)નો એક ખુત્બો

પીર થવું એ કંઈ રમતની વાત નથી, અથવા તો નાના બાળકના ખેલ નથી. પીરની જવાબદારી તો બહુ મોટી હોય છે. જેવી રીતે નબી અને ઈમામને ઓળખવા માટેની એમની નિશાનીઓ નક્કી થયેલી છે, તેવી જ રીતે પીરની પણ નિશાનીઓ છે.

**પીરની નિશાનીઓ નીચે પ્રમાણે છે:**

(૧) ઈલ્મનો જાણકાર હોય. વિદ્વાન અને આલિમ ન હોય તો પીર પોતાની અજ્ઞાનતાના અંધકારથી અન્યને પ્રકાશ શી રીતે આપી શકે?

(૨) હલીમ, નમ્ર અને કૃપાળુ હોય. જ્ઞાન સાથે નમ્રતા પણ હોય. સેવા માટે પણ નમ્રતાનો સદ્‌ગુણ ભારે જરૂરી છે. અહંકાર અને ગુસ્સાનો ત્યાગ કરનાર જ સાચો સેવાભાવી બની શકે છે.

(૩) સખી હોય. ઉદારતા એ મહાનતા માટેનો આવશ્યક ગુણ છે. જ્યારે અલ્લાહ તઆલા તોબાનો સ્વીકાર કરતી વખતે એના મોટામાં મોટા ગુનાહ માફ કરી દે છે, તો અલ્લાહના આ પ્રતિનિધિઓમાં પણ એ ગુણ હોવો જ જોઈએ. વેર અને ઈર્ષા ઈન્સાનની મુક્તિ કરાવી શકતાં નથી.

(૪) સાબિર હોય. ધીરજ એ સુધારકોનો મોટામાં મોટો સદ્‌ગુણ છે. આ પીરોને તો માત્ર બાહ્ય સુધારણા સાથે જ નિસ્બત નથી, એમણે તો ઈન્સાનને ધરમમૂળથી, એના અંતઃકરણથી સુધારવો છે. તેથી તેનામાં મનની શુદ્ધિ અને વિશેષ કરીને ધીરજ હોવી જોઈએ.

(૫) કુરઆનથી રસ્તો બતાવતો હોય. અલ્લાહની આજ્ઞાઓનું ઉલ્લંઘન તો ન જ થવું જોઈએ. ઈન્સાનના પ્રકાશમય જીવન માટે માર્ગદર્શન તો કુરઆન દ્વારા જ હોવું જોઈએ.

(૬) સૈયદ હોય એટલે કે ઈમામ હુસૈન (અ.) ના વંશનો હોય. અલ્લાહના સૌથી વહાલા બંદા એટલે અહલેબૈતે અત્હાર (અ.)ના વંશજો જ આ કામ માટે સૌથી વધારે પાત્ર હોઈ શકે.

(૭) ખિર્કાએ ખિલાફત મેળવેલી હોય, અને હિંદનો વતની હોય. જ્યાં સુધી પોતે સંપૂર્ણ તાલીમ મેળવેલો ન હોય, અને તેની તાલીમની પરિપૂર્ણતાના પુરાવારૂપે જ્યારે તેને પોતાના પીર પાસેથી ખિર્કાએ ખિલાફત મળેલ ન હોય, ત્યાં સુધી અન્યને મુરીદ બનાવીને તાલીમ આપવાનો અધિકાર કેવી રીતે હોઈ જ શકે?

હઝરત પીર મશાયખ (રહ.)એ પણ ઉપરની હકીકતને લગતી જ પીરની સાત નિશાનીઓ

જણાવેલી છે. એમાંની બે નિશાનીઓ એટલે કે ઈમામ હુસૈન (અ.)નો વંશજ હોવાની, અને હિંદના વતની હોવાની (નિશાની) એટલા માટે નક્કી કરવામાં આવી છે કે કદાચ એમનો વંશ ખતમ થઈ જાય, અને એમના મુરીદોને માટે બીજા પીરની શોધ વિમાસણમાં મૂકી દે, એવા સમયે આ નિશાનીઓની સહાયથી એમને પીર શોધવાની સરળતા રહે. જો ઈમામ હુસૈન (અ.)નો વંશજ હોય, તો અહલેબૈતે અત્હાર (અ.)ની દોરવણી મુજબ તે પીરે પોતાનો તરીકો નક્કી કર્યો હોવો જોઈએ. અને જો તે હિંદનો જ વતની હોય, તો તેના વંશની અને સૈયદ હોવાની ખાતરી સહેલાઈથી થઈ શકે. પરદેશી અથવા દૂરના દેશનો રહેવાસી હોય, તો કદાચ સૈયદ હોવામાં શંકા રહે.

જેવી રીતે પીરની નિશાનીઓ નક્કી કરી છે, એવી જ રીતે મુરીદની લાયકાતો પણ નક્કી કરવામાં આવી છે. મુરીદ બનવા માગતા કોઈ પણ માણસ માટે લાયકાતો ધારણ કરવી બહુ જરૂરી છે. એ લાયકાતો નીચે પ્રમાણે છે:

(૧) **કતાઆ:** કતાઆ એટલે આજ્ઞાપાલક, આજ્ઞાકિંત, મજબૂત અને મહેનતુ, દરેક સૂચનાનો અમલ કરવા માટે સદા તત્પર રહે, પીરનો ફરમાબરદાર હોય.

(૨) **તલબે સાદિક:** આત્માના સુખ, મનની શાંતિ માટેની તેની તરસ સાચી હોવી જોઈએ. હૃદયની ચંચળતાને શાંત કરવા માટેની એની ભૂખ સાચી અને ખરી હોવી જોઈએ.

(૩) **ઈરાદત:** એટલે એને શ્રદ્ધા પણ હોવી જોઈએ. પીરને અનુસરવા માટેનો એનો નિર્ણય દૃઢ હોવો જોઈએ.

(૪) **શોખ:** પ્રેમમાં મરી ફીટવાની તત્પરતા અને સમર્પણની ભાવના હોવી જોઈએ.

(૫) **ઝોક:** પોતે જે કંઈ કરે છે, તે સમજી વિચારીને કરે છે, એવા જ્ઞાન-ભાનવાળો હોવો જોઈએ.

(૬) **ઊંઘણશી:** આળસુ ન હોય, મહેનત કરવામાં અને સેવાચાકરી કરવામાં પાછી પાની કરે એવો ન હોય.

(૭) **વ્યસની:** વ્યસની ના હોવો જોઈએ. વધારે ખાનાર, વધારે બોલનાર, અને વધારે રખડનાર ન હોવો જોઈએ.

મુરીદનો અર્થ જ થાય છે ઈરાદત રાખનાર. આશા અને આસ્થા રાખનાર. મુરીદ પીરને આધીન રહી શકે તે માટે જાણીતા સૂફી બુઝુર્ગ શમ્સુદ્દીન યહ્યા મુનીરીએ મુરીદની લાયકાતની નામાવલી પોતાની ફારસી કિતાબ 'મલ્ફુઝાત'માં આપી છે.

(૧) જેવી રીતે માંદો માણસ ડૉક્ટરને બતાવ્યા પછી તેણે બતાવેલ દવા પીએ, પરેજી પાળે, અને તબિયત સંભાળે, તેની સૂચનાઓ પર અમલ કરે, એવી જ રીતે મુરીદે પણ એક વાર પીરને તનમન

સોંપ્યા પછી તેની એકે એક સૂચનાનો અમલ કરવો જોઈએ.

(૨) જેવી રીતે ગુનાહગાર માણસ વકીલને આધીન થાય છે, અને તેની સૂચના પ્રમાણે જ એકે એક અક્ષર કોર્ટમાં બોલે છે, અને જો કદાચ તેની સૂચનાનો ભંગ કરે, તો પરિણામ માટે વકીલ જવાબદાર રહેતો નથી, એવી જ રીતે મુરીદે પણ પીરની સૂચનાઓનું અક્ષરશ: પાલન કરવું ઘટે છે.

(૩) જેવી રીતે મડદું પોતાને નવડાવનારને આધીન રહે છે, અને નવડાવનાર જેમ મડદાને ફેરવે છે તેમ તે ફરે છે, એવી જ રીતે મુરીદે પણ પીરને આધીન રહેવું જોઈએ, અને તે ફેરવે તેમ ફરવું જોઈએ.

(૪) જેવી રીતે વાંદરાનું બચ્ચું સદા તેની માને વળગેલું રહે છે, જ્યાં તે જાય છે, ત્યાં સાથે ને સાથે ચોંટેલું જ હોય છે, અને જો છૂટું પડે, અને ભય જેવો કંઈક ભાસ થાય કે તરત જ એ ફરી વાર પોતાની માને વળગી પડે છે, બસ એવી જ રીતે મુરીદે પણ પીરને વળગી રહેવું જોઈએ.

પીરના સદ્‌ગુણો અને મુરીદનાં લક્ષણોની નામાવલી અમે એટલા માટે અમારા મોમિન ભાઈઓની આગળ મૂકી છે કે તેનાથી જ્ઞાન પ્રાપ્ત કરીને માર્ગદર્શન મેળવે. અને તેઓ સમજી શકે કે પીર અને મુરીદ વચ્ચેનો સંબંધ તો નિકાહના સંબંધ જેવો અતૂટ છે. જેમ કોઈ પત્ની પોતાના પતિને, બે સાક્ષીઓની સાક્ષીથી, તે નિર્માલ્ય છે એવું પુરવાર ન કરી શકે, ત્યાં સુધી તે નિકાહના સંબંધો તોડી શકતી નથી, એવી જ રીતે મુરીદ જ્યાં સુધી પોતાના પીરને બે સર્વમાન્ય આલિમોની સાક્ષીથી તે 'તમસ્સુક લિલ કિતાબ વલ સુન્નત' એટલે અલ્લાહની કિતાબ અને હઝરત રસૂલલ્લાહ (સ.)ની રહેણીકહેણી વિરુદ્ધ ચાલે છે, એવું પુરવાર ન કરી શકે, ત્યાં સુધી એ મુરીદ પોતાના પીર સાથેનો સંબંધ તોડી શકતો નથી. અમારા પીર તો શીઆ છે એટલે અમે નથી માનતા, એમ કહીને પીરી–મુરીદીનો નાતો તોડવો, એ કોઈ પણ હિસાબે શકય નથી જ. પીરને માનો યા ન માનો, પરંતુ એક વખત બૈઅત કર્યા પછી એ પીરની ધૂંસરી છેક કયામત સુધી ગરદન ઉપર રહે જ છે. એ બાબત બધાએ યાદ રાખવી પડે.

હઝરત પીર મશાયખ (રહ.) પણ પીર અને મુરીદ વચ્ચેના આ અતૂટ સંબંધનો ઉલ્લેખ કરતાં લખે છે કે,

**"અમારા તાબે કહાવે,**
**પછી એ તો કબૂલે કે નાંહાં કે જીહોજી."**


જાફરી આવાઝ (માસિક)માં લવાજમ, જાહેરાત, ડોનેશન, અવસાન નોંધ કે કોઈ સારા સમાચાર, વગેરે મોકલવા માટે સંપર્ક કરો:

**મોમિન રઝાઅલી ખણુશીયા**
જાફરી આવાઝ (માસિક) ઑફિસ
મેહેર લાઈબ્રેરી એન્ડ જાફરી સેમિનરી,
મકતબા જાફરીયા, સેદ્રાણા સ્કવેર, સેદ્રાણા.
મોબાઈલ: **84604 92429**

ખુદાની ઊતરી છે આજે નેઅમત પીરના ઘરમાં
જુદી છે આજે આ ખુશીઓની રંગત પીરના ઘરમાં

ઈમામ આવે છે હર મોમિનના બાળકની મુલાકાતે
હશે મહેમાન ખુદ આજે ઈમામત પીરના ઘરમાં

બધા પીરો જો હાજરપીરને મળવાને આવ્યા છે
ઉતારી દીધી છે અલ્લાહે જન્નત પીરના ઘરમાં

ન કરશે ખત્મ ક્યારેય પણ હિદાયતનો નિઝામ અલ્લાહ
થયું છે મુન્તઝિમનું આજે સ્વાગત પીરના ઘરમાં

કરે છે કિબ્રિયા વલીઓની હર એક દૌરમાં રજૂઅત
હશે આજે કઈ હસ્તીની રજૂઅત પીરના ઘરમાં!

તમન્ના બાપની આજે ઘણાં વર્ષોની પૂરી થઈ
કરી દીધી ખુદાએ ખૂબ રાહત પીરના ઘરમાં

ખુદાયા, ઈબ્ને ફાઈઝની હિફાઝત કરજે હંમેશાં
તું લઈ લે ખાસ નજરોની જમાનત પીરના ઘરમાં

લખેલો છે મેં દિલથી જે અમારા પીરના નામે
ખુદાયા મારો પહોંચાડી દે એ ખત પીરના ઘરમાં

જો અલ્લાહે હિદાયતવાળા કુરઆને તરીકતમાં
ઉતારી દીધી બીજી એક આયત પીરના ઘરમાં

'અલિફ' અલ્લાહથી માંગી લે રહેબરની સુખાકારી
કદી આવે ન કોઈ પણ મુસીબત પીરના ઘરમાં

(અકબરહુસૈન મોહંમદઅલી મોમિન 'અલિફ' - પાડગોલ)

પીરી-મુરીદીનો સાચો અર્થ

# મોહંમદી દસ્તરખ્વાન

હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)

بسم الله الرحمن الرحيم

સઘળી પ્રશંસા એ અલ્લાહ માટે છે કે જેણે દરેક વસ્તુનું સર્જન કર્યું છે, દરેક વસ્તુને સંતુલિત કરી છે, અને દરેક વસ્તુને મકસદ આપ્યો છે. કોઈ વસ્તુ એની કુદરતમાં મખ્લૂક દ્વારા અસંતુલિત થઈ શકતી નથી, કે ન તો તેનો મકસદ વેડફાઈ શકે છે. અલ્લાહ તઆલાએ જ ફરમાવ્યું છે કે, જો મોહંમદ (સ.) (અને આપ (સ.)ની આલ (અ.)) ન હોત, તો તે ક્યારેય પણ કાએનાતનું સર્જન ન કરતો. અલ્લાહ તઆલાએ પોતાની આખી દુનિયામાં ચારેય બાજુ હિદાયતની રોશની પહોંચાડી છે, આ જ પાક હસ્તીઓના નૂર વડે. એટલા જ માટે અલ્લાહના કરીમ નબી, અને પાક રસૂલ તથા આપ (સ.)ની પાક અને પાકીઝા આલ (અ.) ઉપર દરેક ઘડીએ, દરેક દિવસે, દરેક મહીને, દરેક વર્ષે અને દરેક સદીએ દુરૂદ અને સલામ થતા જ રહે.

امّا بعد

આપણી કોમની હિદાયત પણ અલ્લાહ તઆલાએ આ જ પાક હસ્તીઓની ઓલાદમાંથી જાફરી સૈયદોના સિલસિલા વડે કરી છે. અલ્લાહનો શુક્ર છે કે સાત સદીઓ કરતાં વધારે સમય વીતી ચૂક્યો છે, તેમ છતાંય આ સિલસિલા વડે આજે પણ હિદાયત થઈ રહી છે, અને ગુમરાહીનો અંધકાર દૂર થઈ રહ્યો છે.

સામાન્ય રીતે પીરી-મુરીદીની જે કલ્પના આપણે કરીએ છીએ, તેને દસ્તરખ્વાનના ઉદાહરણ વડે સમજી શકાય. આપણે જાણે એમ સમજીએ છીએ કે પીરી-મુરીદી હિદાયતનું દસ્તરખ્વાન છે, જેમાં પીર હિદાયતની વાનગીઓ પીરસતો જાય, અને મુરીદો તે વાનગીઓ ખાતા જાય. આ કલ્પના ખૂબ ભોળી છે, અને સગવડતાભરી છે. તેની અંદર ત્રણ ઊણપ રહેલી છે:

- પહેલી એ કે આ કલ્પનામાં એ વાતનું ધ્યાન જ રાખવામાં નથી આવતું કે પીર અને મુરીદ સિવાય પણ દુનિયામાં કોઈ છે.
- બીજી એ કે આમાં એમ સમજવામાં આવે છે કે સક્રિય રીતે કામ કરવું એ પીરનું જ કામ છે. એટલે મુરીદોએ નિષ્ક્રિય રીતે એ દસ્તરખ્વાન પર જમવા સિવાય કોઈ કામ જ કરવાનું નથી.
- ત્રીજી એ કે જો ક્યારેય પણ આવી કલ્પના સાથે જીવી રહેલા કોઈ મુરીદનો સામનો બીજા મુસલમાન કે માણસથી થઈ જાય છે, તો તેની સાથે કઈ રીતે વર્તન કરવું એ તે મુરીદને ખબર

જ નથી પડતી, એટલે ફિત્ના થાય છે.

પીરી-મુરીદીની સાચી કલ્પના એક દસ્તરખ્વાન જેવી તો ખરી, પણ તેમના જમનારા મુરીદ નથી, આખી દુનિયા છે, કારણ કે આ દસ્તરખ્વાન પીરનું નથી, રસૂલલ્લાહ (સ.) તથા આપ (સ.)ના ઔસિયા (અ.)નું છે. પીર એ મારેફત ધરાવનાર સૈયદ છે કે જેની મારેફતથી પ્રભાવિત થઈને તેની આજુબાજુ ખંતીલા લોકો ભેગા થઈ જાય, કે જેઓ પીરને વાયદો કરે કે હંમેશાં ઈલ્મ અને મારેફતના એ દસ્તરખ્વાનને પાથરવામાં તેઓ તેની મદદ કરશે. આ મદદ કરનારા અસલમાં પીરના મુરીદ છે, અને તે દસ્તરખ્વાનમાંથી ભોજન લેનારા રસૂલલ્લાહ (સ.) ના સઘળા ઉમ્મતી -- બલ્કે સઘળી માનવતા -- છે.

આ કલ્પનાની સાથે જો પીરી-મુરીદીને સમજવામાં આવે, તો ઉપર જણાવેલી ત્રણેય ઊણપ દૂર થઈ શકે છે. જેના પરિણામસ્વરૂપ શીઆ જાફરી મશાયખી મોમિન જમાત, ઈસ્લામ ઉપર અમલ કરવામાં દુનિયાને સાચું ઉદાહરણ પૂરું પાડશે, બીજી બધી કોમોની સાથે હળીભળીને રહેશે, અને પીરી મુરીદીમાં નિષ્ક્રિય ભાગ નહીં ભજવે, બલ્કે સક્રિય ભાગ ભજવશે.

الحمد لله, આપણાં બધાંની મહેનતથી આ દસ્તરખ્વાન પર ભોજન પીરસનારો હવે કેવળ પીર જ નથી. દિવસે ને દિવસે પીરસનારા વધી રહ્યા છે. આ પીરસનારાઓમાં મૌલવીસાહેબો પણ છે, હોટલના માલિકો પણ છે, એન્જિનિયર પણ છે, ડોકટર પણ છે, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પણ છે, ગૃહિણીઓ પણ છે, શિક્ષકો પણ છે, ખેડૂતો પણ છે. રોજેરોજ પીરસનારાઓની સંખ્યા વધતી જાય છે.

તેમ છતાંય હજી આપણી કોમમાંથી હજારો એવા લોકો છે કે જે પીરસતા તો કયારેય નથી, પરંતુ કયારેય પણ આ દસ્તરખ્વાનનું ભોજન જમ્યા પણ નથી. મારી નાચીજ તાકાત વડે મેં મકતબા જાફરીયા વડે, મેહેર લાઈબ્રેરી વડે, સૈયદા ઈતરત ફાતેમા હોસ્પિટલ વડે, બોસ્તાને તિફ્લાન વડે, હલ્કા ઈરફાને અહલેબૈત (અ.) વડે, હલ્કા આલિમા ગૈર-મોઅલ્લમા (અ.) વડે, સૈયદા ખૈરુન્નિસા શિફાખાના વડે, કલસ્ટર સેન્ટરની અન્ય સ્કૂલો વડે, આ બધી સંસ્થાઓમાં કામ કરતા લોકોની મદદ વડે, 'મોહંમદી દસ્તરખ્વાન' પાથરી દીધું છે. જે મુરીદો એમાં ભોજન પીરસે છે તે જ આ કલ્પના મુજબ સાચા મુરીદ છે, જે નથી પીરસી રહ્યા તેમનાથી મારી અપેક્ષા છે કે ઓછામાં ઓછા જમે તો ખરા! જમવાનો શોખ લાગશે તો જમાડવાનોય શોખ લાગશે.

ત્યાં સુધી, હું, રસૂલલ્લાહ (સ.)નો ઉમ્મતી, ઈમામ (અ.)નો પૈરવકાર, ઈસ્લામનો ખાદિમ, મારા મુરીદોની સાથે દસ્તરખ્વાન પાથરીને રાહ જોઈ રહ્યો છું...

وآخر دعوانا ان الحمد لله رب العالمين
والصلاة والسلام على محمد وآله الطيبين



# કુરઆન શિક્ષણ

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

## સ્ત્રીઓના હકકો માટે કુરઆનનું વર્ણન

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَالْوَالِدٰتُ يُرْضِعْنَ اَوْلَادَهُنَّ حَوْلَيْنِ
كَامِلَيْنِ لِمَنْ اَرَادَ اَنْ يُّتِمَّ الرَّضَاعَةَ ؕ
وَعَلَى الْمَوْلُوْدِ لَهٗ رِزْقُهُنَّ وَكِسْوَتُهُنَّ
بِالْمَعْرُوْفِ ؕ لَا تُكَلَّفُ نَفْسٌ اِلَّا وُسْعَهَا ۚ
لَا تُضَآرَّ وَالِدَةٌۢ بِوَلَدِهَا وَلَا مَوْلُوْدٌ لَّهٗ
بِوَلَدِهٖ ۗ وَعَلَى الْوَارِثِ مِثْلُ ذٰلِكَ ۚ فَاِنْ
اَرَادَا فِصَالًا عَنْ تَرَاضٍ مِّنْهُمَا وَتَشَاوُرٍ
فَلَا جُنَاحَ عَلَيْهِمَا ؕ وَاِنْ اَرَدْتُّمْ اَنْ
تَسْتَرْضِعُوْٓا اَوْلَادَكُمْ فَلَا جُنَاحَ عَلَيْكُمْ
اِذَا سَلَّمْتُمْ مَّآ اٰتَيْتُمْ بِالْمَعْرُوْفِ ؕ وَاتَّقُوا
اللّٰهَ وَاعْلَمُوْٓا اَنَّ اللّٰهَ بِمَا تَعْمَلُوْنَ
بَصِيْرٌ ﴿٢٣٣﴾

અને (તલાક મેળવેલી) માતાઓએ પોતાનાં બાળકોને પૂરાં બે વર્ષ સુધી દૂધ પિવડાવવું જોઈએ, આ તેમના માટે છે કે જેઓ ધવડાવવાની મુદત પૂરી કરવા (કરાવવા) ચાહતાં હોય; અને તે (દૂધ પિવડાવનારી સ્ત્રીઓ)ના ખોરાક તથા પોશાકનો ખર્ચ યોગ્ય રીતે (બાળકના) બાપના શીરે છે; કોઈ વ્યકિતને તેના ગજા ઉપરાંત તકલીફ આપવામાં ન આવે (એટલે કે) ન માને તેણીના બાળકના કારણે હાનિ પહોંચાડવામાં આવે, કે ન બાળકના પિતાને બાળકના કારણે, અને બાપના સ્થાને ઊભા રહેનારના માથે (પણ) એ જ ફરજ છે, પછી જો બન્ને (માબાપ) રાજીખુશીથી અને પરસ્પરની સલાહથી દૂધ છોડાવી લેવા ચાહે, તો બન્ને ઉપર કોઈ દોષ નથી; અને જો તમે તમારા બચ્ચાઓને (ધાવનું) દૂધ ધવરાવવાને ઈચ્છતા હો તો તેમ કરવામાં પણ તમારા ઉપર કોઈ દોષ નથી, એ શર્તે કે તમે જે ઠરાવ્યું હોય, તે વાજબી રીતે તેને

આપો; અને અલ્લાહથી ડરો અને જાણી લો કે જે કાંઈ તમે કરો છો, તે અલ્લાહ નિહાળે છે.

**(સૂરા બકરા, આયત–૨૩૩)**

---

وَالَّذِيْنَ يُتَوَفَّوْنَ مِنْكُمْ وَيَذَرُوْنَ
اَزْوَاجًا يَّتَرَبَّصْنَ بِاَنْفُسِهِنَّ اَرْبَعَةَ
اَشْهُرٍ وَّعَشْرًا ۚ فَاِذَا بَلَغْنَ اَجَلَهُنَّ فَلَا
جُنَاحَ عَلَيْكُمْ فِيْمَا فَعَلْنَ فِيْٓ اَنْفُسِهِنَّ
بِالْمَعْرُوْفِ ؕ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ خَبِيْرٌ ﴿۲۳۴﴾

❁ અને તમારામાંથી જે લોકો મરી જાય, અને (પોતાની પાછળ) સ્ત્રીઓને મૂકી જાય, તો તે સ્ત્રીઓ ચાર મહીના અને દસ દિવસ (ઈદ્દતની) રાહ જુએ, પછી જ્યારે તેઓ પોતાની ઈદ્દત(ની મુદત) પૂરી કરે, ત્યારે જાઇઝ રીતે પોતાના માટે જે કાંઈ કરે તે માટે તમારા ઉપર કાંઈ દોષ નથી; અને તમે જે કાંઈ કરો છો, તેનાથી અલ્લાહ જાણકાર છે.

**(સૂરા બકરા, આયત–૨૩૪)**

---

وَالَّذِيْنَ يُتَوَفَّوْنَ مِنْكُمْ وَيَذَرُوْنَ
اَزْوَاجًا ۖۚ وَّصِيَّةً لِّاَزْوَاجِهِمْ مَّتَاعًا اِلَى
الْحَوْلِ غَيْرَ اِخْرَاجٍ ۚ فَاِنْ خَرَجْنَ فَلَا
جُنَاحَ عَلَيْكُمْ فِيْ مَا فَعَلْنَ فِيْٓ اَنْفُسِهِنَّ
مِنْ مَّعْرُوْفٍ ؕ وَاللّٰهُ عَزِيْزٌ حَكِيْمٌ ﴿۲۴۰﴾

❁ અને તમારામાંથી જે લોકો મરણ પામે અને પાછળ (વિધવા) સ્ત્રી મૂકી જાય, તો (તેમને જોઈએ કે) પોતાની સ્ત્રીઓ માટે એક વર્ષ સુધી(ના નિર્વાહનાં) સાધન પૂરાં પાડવાં તથા ઘરમાંથી બહાર કાઢી મૂકવી નહીં, એવી વસિયત કરે, પછી જો તે (સ્ત્રીઓ ખુશીથી) નીકળી જાય અને પોતાના માટે કાયદેસર જે કાંઈ કરે, તો તે માટે તમારા માથે કોઈ દોષ નથી; અને અલ્લાહ સમર્થ અને હિકમતવાળો છે.

**(સૂરા બકરા, આયત–૨૪૦)**

---

وَلِلْمُطَلَّقٰتِ مَتَاعٌۢ بِالْمَعْرُوْفِ ؕ حَقًّا عَلَى
الْمُتَّقِيْنَ ﴿۲۴۱﴾

❁ અને તલાક આપવામાં આવેલી સ્ત્રીઓ માટે (પણ) કાંઈક વાજબી લાભ પહોંચાડવો જોઈએ; એ પરહેઝગારો પર એક ફરજ છે.

**(સૂરા બકરા, આયત–૨૪૧)**

# હિદાયતના સિલસિલાની નવી કડીનો ઉદય

**લેખક: ફૈઝમોહંમદ મસી (કનાઈ)**

ઈસ્લામ અલ્લાહનો દીન છે, જેનાં વિવિધ પાસાં અલ્લાહની વિવિધ શાનને જુદી જુદી રીતે પ્રસ્તુત કરીને મુસલમાનોનાં દિલોમાં અલ્લાહની માઅરેફતને રોશન કરતાં રહે છે. અલ્લાહ આદિલ છે; તે પોતાની અતાને કયારેય પાછી ખેંચી લેતો નથી, પરંતુ એ કે તેને તેના જેવી જ અથવા તેથીય વધુ સારી વસ્તુથી બદલી દે છે. જેમ કે અલ્લાહ તઆલા ફરમાવે છે:

مَا نَنْسَخْ مِنْ اٰيَةٍ اَوْ نُنْسِهَا نَاْتِ بِخَيْرٍ مِّنْهَآ اَوْ مِثْلِهَا ؕ

اَلَمْ تَعْلَمْ اَنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ ﴿١٠٦﴾

*(અમે કોઈ નિશાનીને મન્સૂખ નથી કરતા, અથવા ભૂલાવી નથી દેતા, (સિવાય કે) અમે તો તેના કરતાંય બહેતર અથવા તેના જેવી લઈને આવીએ છીએ, શું તમે નથી જાણતા કે અલ્લાહ દરેક વસ્તુ પર કુદરત ધરાવનારો છે?)*

(સૂરા બકરા, આયત–૧૦૬)

આ અદ્લ અને રહમતનો આપણી સમક્ષ જાહેર પુરાવો એ છે કે અલ્લાહની હિદાયતનો સિલસિલો કયારેય અટકતો નથી. જેમ કે કુરઆને પાકમાં ઈર્શાદ છે:

...وَّلِكُلِّ قَوْمٍ هَادٍ ﴿٧﴾

*(અને દરેક કોમ માટે એક હાદી છે.)*

(સૂરા રઅદ, આયત–૭)

ઈસ્લામના ઈતિહાસ તરફ એક નજર કરીએ તો ઈસ્લામમમાં પીરી–મુરીદી અને હિદાયતનો વારસો ખૂબ જૂનો છે. રસૂલે અકરમ (સ.)ના મુબારક હાથોથી ગદીરના દિવસે લોકોની સામે (مَنْ كُنْتُ مَوْلَاهُ، فَهٰذَا عَلِيٌّ مَوْلَاهُ) 'મન કુન્તો મૌલાહો ફહાઝા અલીયુન મૌલા' કહીને જે એલાન થયું, શું આ પીરી–મુરીદીની પહેલી ઝલક ન હતી?

આજ ગદીરની જાનશીનીના સદકામાં અલ્લાહે આ સિલસિલાને કાયમ રાખ્યો છે, અને આ સિલસિલાના પીરોએ પણ એ જ ગદીરના પયગામના સદકામાં આ જમાઅતની હિદાયત કરી છે. શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅતના સિલસિલામાં પણ પીરરૂપી ચિરાગ પેઢી દર પેઢી રોશન જ રહ્યો છે. દરેક પેઢીમાં, અગાઉના પીરોનાં ઈલ્મ અને માઅરેફત આવનારા વલીઅહદમાં દૃષ્ટિગોચર થયા વિના રહેતાં નથી.

બે પીરોની એક પછી એક અચાનક રુખ્સતીના ગમ પછી, અલ્લાહના ફઝલો–કરમથી મોમિનો ઘણા સમયથી જેમની વિલાદતના દુઆગો હતા તેવા વલીઅહદ પીર સૈયદ મોહંમદ મુન્તઝિમહુસૈન જાફરી (મદ્દે.)ની વિલાદતનો લ્હાવો નસીબ થતાં જ મોમિનોમાં હર્ષનું ઘોડાપૂર ફરી વળ્યું એ સ્વાભાવિક છે.

હિદાયતના આ સોનેરી સિલસિલામાં એક નવી કડી જોડાઈ. આ એવો તોહફો છે કે જેની

ઘણા સમયથી દુઆ થતી રહેતી હતી. ઈદુલ ફિત્રની ખુશીઓ હજુય હવામાં ગૂંજી રહી હતી, ત્યાં જ અલ્લાહે ચાહ્યું કે આ અતા પર બીજી અતા નાઝિલ કરે.

વલીઅહદ પીર સૈયદ મોહંમદ મુન્તઝિમહુસૈન (મદ્દે.)ની વિલાદત પર ઈલાહી વાયદો ફરીથી સાકાર થયો છે. તેમનું નામ યથાર્થ છે — 'મુન્તઝિમ' એટલે કે જે ઈન્તિઝામ કરે અને વ્યવસ્થા સ્થાપે. આ પાક સિલસિલામાં એક નવા નૂરનું આગમન થયું છે, અને દીન અને હિદાયતની એક નવી અને મજબૂત કડી સ્થપાઈ છે.

ઈસ્લામ દીને ફિતરત છે, જે માણસમાં સહજ રીતે પેદા થતી ખુશીને છુપાવવાની નહીં, બલ્કે તેને યોગ્ય તરીકાથી જાહેર કરવાની હિદાયત કરે છે. ઈર્શાદે બારી તઆલા છે:

قُلْ بِفَضْلِ اللّٰهِ وَبِرَحْمَتِهٖ فَبِذٰلِكَ فَلْيَفْرَحُوْا ۗ هُوَ خَيْرٌ مِّمَّا يَجْمَعُوْنَ ﴿٥٨﴾

*(અય રસૂલ (સ.)! આપ કહી દો, અલ્લાહના આ ફઝલ અને તેની રહમતને પામીને (મોમિનોએ) ખુશી મનાવવી જોઈએ, આ તે (માલો–દોલત) કરતાં બહેતર છે કે જેનો તેઓ સંગ્રહ કરે છે.)*

(સૂરા યૂનુસ, આયત–૫૮)

આ હિદાયત પર અમલ કરતાં, મોમિન જમાઅતમાં ખુશીના ઈઝહાર અને અલ્લાહના શુક્ર માટે જમણવારોનું આયોજન થયું. આ ખુશીના પ્રસંગને ફક્ત મોમિનો પૂરતો સીમિત ન રાખતાં, તેમાં અન્ય ધર્મ અને ફિરકાના લોકોને પણ આમંત્રિત કરવામાં આવ્યા. મોમિનોએ ઈમામવાડા, મસ્જિદો તેમ જ પોતાનાં ઘર શણગારીનેય અકીદતનું નજરાણું પેશ કર્યું. ઘણા મોમિનોએ આ પ્રસંગે સદકા આપીને પણ બરકત મેળવી.

વિલાદતની મુબારકબાદી આપવાનો સિલસિલો કેટલાય દિવસો સુધી સતત ચાલુ રહ્યો. ઈમાન અને મોહબ્બતનાં ઝરણાંથી સૈરાબ થયેલ તમામ મોમિનોના ચહેરા પર નૂર અને તેમની ઝબાન પર દુઆઓ છલકતાં હતાં. સાતસો કરતાંય વધુ વર્ષોથી ચાલી આવતો હિદાયતનો આ ચિરાગ હંમેશાં પ્રજ્વલિત જ રહેશે તેનું યકીન આજે વધુ મજબૂત થયું છે.

**ઝિક્રે ખૈર:**

સમગ્ર શીઆ જાફરી મશાયખી મોમિન જમાઅત અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાનો લાખ લાખ શુક્ર અદા કરે છે કે જમાઅતને વલીઅહદ પીરની નેઅમત અતા ફરમાવીને જમાઅત પર એહસાન કર્યો. અલ્લાહે મોમિનોની દુઆઓને કબૂલ કરીને તેમનાં દિલોને ખુશખુશાલ કરી દીધાં. યા અલ્લાહ! આ નૌમૌલૂદને તેમનાં વાલિદૈનની આંખોની ઠંડક બનાવ. તેમને દુનિયાનાં દરેક મુસીબત અને શરથી મેહફૂઝ રાખ. ગદીરના પયગામના સદકામાં તેમને અમારા મુર્શિદની તાકાત બનાવ. ઉમ્રે ખિઝ્ર અતા ફરમાવ અને સલામત રાખ. તેમના ઉપર અને અમારા ઉપર અમારા મુર્શિદનો છાયો સલામત રાખ. આમીન, યા રબ્બલ આલમીન.



# مصباح الشريعة
# મિસ્બાહુશ્શરીઆ

અનુવાદકઃ હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)
હાજરપીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદે.)

## اَلْبَابُ السَّابِعُ فِي الْاَمْرِ بِالْمَعْرُوْفِ وَالنَّهْيِ عَنِ الْمُنْكَرِ

## બાબ – ૭: અમ્ર બિલ માઅરૂફ અને નહી અનિલ મુન્કર વિષે

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ: مَنْ لَّمْ يَنْسَلِخْ عَنْ هَوَاجِسِهٖ، وَلَمْ يَتَخَلَّصْ مِنْ اٰفَاتِ نَفْسِهٖ وَشَهَوَاتِهَا، وَلَمْ يَهْزِمِ الشَّيْطَانَ، وَلَمْ يَدْخُلْ فِيْ كَنَفِ اللّٰهِ تَعَالٰى وَاَمَانِ عِصْمَتِهٖ، لَا يَصْلُحُ لِلْاَمْرِ بِالْمَعْرُوْفِ وَالنَّهْيِ عَنِ الْمُنْكَرِ، لِاَنَّهٗ اِذَا لَمْ يَكُنْ بِهٰذِهِ الصِّفَةِ فَكُلَّمَآ اَظْهَرَ اَمْرًا يَّكُوْنُ حُجَّةً عَلَيْهِ وَلَا يَنْتَفِعُ النَّاسُ بِهٖ.

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, “જે કોઈ પણ પોતાના વસવસાઓથી અલગ ન થયો હોય, અને પોતાના નફ્સની આફતોથી અને પોતાની ઈચ્છાઓથી પાક ન થયો હોય, અને જેણે શયતાનને ન હરાવ્યો હોય, અને જે અલ્લાહ તઆલાની સુરક્ષામાં અને તેની ઈસ્મતના અમાનમાં દાખલ ન થયો હોય તો તે અમ્ર બિલ માઅરૂફ અને નહી અનિલ મુન્કર કરવાના લાયક નથી. કારણ કે જો તે આ સિફત ન ધરાવતો હોય તો જ્યારે પણ તે કોઈ પણ કાર્ય કરશે તો તે તેના વિરુદ્ધ હુજ્જત બની જશે અને તેનાથી લોકો ફાયદો નહીં ઉઠાવી શકે.

قَالَ تَعَالٰى: "اَتَاْمُرُوْنَ النَّاسَ بِالْبِرِّ وَتَنْسَوْنَ اَنْفُسَكُمْ."

અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે કે, “શું તમે લોકોને નેકીનો હુકમ કરો છો જ્યારે કે તમે પોતાની જાતને ભૂલી જાઓ છો?”[1]

وَيُقَالُ لَهٗ: يَا خَآئِنُ اَتُطَالِبُ خَلْقِيْ بِمَا خُنْتَ بِهٖ نَفْسَكَ وَاَرْخَيْتَ عَنْهُ عِنَانَكَ.

આવા માણસને કહેવામાં આવશે કે, “અય ખયાનત કરનાર! શું તું મારી મખ્લૂક પાસે એ વાતની અપેક્ષા રાખે છે કે જે વાત તેં તારી પોતાની જાતથી જ

1 સૂરા બકરા, આયત–૪૪

છીનવી લીધી છે, અને જે વાતથી તેં તારી લગામને ઢીલી કરી નાખી."

رُوِیَ اَنَّ اَبَا ثَعْلَبَةَ الْاَسَدِیَّ سَاَلَ رَسُوْلَ اللّٰهِ صَلَّی اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ عَنْ هٰذِهِ الْاٰيَةِ: "يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا عَلَيْكُمْ اَنْفُسَكُمْ ۚ لَا يَضُرُّكُمْ مَّنْ ضَلَّ اِذَا اهْتَدَيْتُمْ"، فَقَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّی اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ: "وَاْمُرْ بِالْمَعْرُوْفِ وَانْهَ عَنِ الْمُنْكَرِ وَاصْبِرْ عَلٰی مَاۤ اَصَابَكَ حَتّٰۤی اِذَا رَاَيْتَ شُحًّا مُّطَاعًا وَّهَوًی مُّتَّبِعًا وَّاِعْجَابَ كُلِّ ذِیْ رَاْیٍ بِرَاْيِهٖ، فَعَلَيْكَ بِنَفْسِكَ وَدَعْ عَنْكَ اَمْرَ الْعَامَّةِ."

રિવાયત કરવામાં આવી છે કે અબૂ સઅલબાએ રસૂલલ્લાહ (સ.)ને આ આયત વિષે પૂછ્યું, "અય ઈમાન લાવનારાઓ! તમારા ઉપર આવશ્યક છે કે તમે તમારા નફ્સોને (સાચવી લો), તે તમને નુકસાન નહીં પહોંચાડી શકે જે ગુમરાહ થઈ ગયો છે, જ્યારે કે તમે હિદાયત પામી જાઓ."[1] તો રસૂલલ્લાહ (સ.) એ ફરમાવ્યું, "તમે અમ્ર બિલ માઅરૂફ કરો અને નહી અનિલ મુન્કર કરો અને જે મુસીબત તમારા ઉપર આવી પડે તેના ઉપર સબ્ર કરો," એટલે સુધી કે જ્યારે તમે જુઓ (લોકોમાં) સખ્ત કંજૂસાઈ, ગુમરાહ કરનારી ખ્વાહિશો, અને દરેક અભિપ્રાય ધરાવનારાની પોતાના અભિપ્રાય ઉપર બડાઈ તો તમે તમારા નફ્સને સાચવજો અને તમે બહુમતીના મામલાને તમારી જાતથી દૂર કરી દેજો."

وَصَاحِبُ الْاَمْرِ بِالْمَعْرُوْفِ يَحْتَاجُ اَنْ يَّكُوْنَ عَالِمًا بِالْحَلَالِ وَالْحَرَامِ، فَارِغًا مِّنْ خَاصَّةِ نَفْسِهٖ مِمَّا يَاْمُرُهُمْ بِهٖ وَيَنْهَاهُمْ عَنْهُ، نَاصِحًا لِّلْخَلْقِ، رَحِيْمًا لَّهُمْ، رَفِيْقًا بِهِمْ، دَاعِيًا لَّهُمْ بِاللُّطْفِ وَحُسْنِ الْبَيَانِ، عَارِفًا بِتَفَاوُتِ اَخْلَاقِهِمْ لِيُنَزِّلَ كُلًّا مَّنْزِلَتَهٗ، بَصِيْرًا بِمَكْرِ النَّفْسِ وَمَكَايِدِ الشَّيْطَانِ، صَابِرًا عَلٰی مَا يَلْحَقُهٗ، لَا يُكَافِئُهُمْ بِهَا وَلَا يَشْكُوْ مِنْهُمْ، وَلَا يَسْتَعْمِلُ الْحَمِيَّةَ، وَلَا يَغْتَاظُ لِنَفْسِهٖ، مُجَرِّدًا نِّيَّتَهٗ لِلّٰهِ، مُسْتَعِيْنًا بِهٖ

અમ્ર બિલ માઅરૂફ કરનારને આવશ્યક છે કે તે હલાલ અને હરામનો આલિમ હોય, પોતાના બધા કાર્યોમાંથી થોડોક સમય બચાવી રાખે કે જેમાં તે અમ્ર બિલ માઅરૂફ અને નહી અનિલ મુન્કર કરે, બંદાઓ પ્રત્યે હિતેચ્છુ હોય, તેમના માટે મહેરબાન હોય, તેમનો દોસ્ત હોય, તેમને (નેકીની તરફ) હેત અને સુંદર વર્ણન વડે દાવત આપનાર હોય, અને તેમના અખ્લાકના તફાવતને ઓળખનાર હોય કે જેથી તે બધાને તેમની સમજશક્તિ પ્રમાણે સમજ પાડી દે, નફ્સના ધોખા અને શૈતાનની ચાલબાજીઓને

1 સૂરા માએદા, આયત–૧૦૫

تَعَالٰى، وَمُبْتَغِيًا لِّوَجْهِهٖ، فَاِنْ خَالَفُوْهُ وَجَفَوْهُ صَبَرَ، وَاِنْ وَّافَقُوْهُ وَقَبِلُوْا مِنْهُ شَكَرَ، مُفَوِّضًا اَمْرَهٗ اِلَى اللّٰهِ، نَاظِرًا اِلٰى عَيْبِهٖ.


દીર્ઘદ્રષ્ટિથી જોનાર હોય, એના ઉપર સબ્ર કરનાર હોય જે તેની સાથે જોડાય, તે પોતાની જાત વડે તેમની સાથે ટકરાવ પેદા ન કરે, અને તે તેમનાથી ફરિયાદ ન કરે, અને તે અતિઉત્સાહીપણાનો ઉપયોગ ન કરે, અને પોતાની જાતને સખ્ત ન કરે, તેની નિય્યત અલ્લાહ માટે ખાલિસ હોય, અલ્લાહ તઆલાથી જ મદદ માગનાર હોય, અને તે તેની રઝા પામવા માટે મહેનત કરનાર હોય, તો આવું કરવામાં જો લોકો તેનો વિરોધ કરે અને તેઓ તેનાથી સખ્તાઈ કરે તો તે સબ્ર કરે, અને જો તેઓ તેનાથી સંમત થઈ જાય અને તેનાથી કબૂલ કરે તો તે શુક્ર અદા કરે, (દરેક હાલતમાં) પોતાના મામલાને અલ્લાહને સોંપી દેનાર હોય, પોતાના એબ તરફ નજર રાખનાર હોય.""

*અમીરુલ મોમિનીન (અ.)એ અલ્લાહના વલીઓની સિફતો આવી રીતે પણ બયાન ફરમાવી છે કે, "અલ્લાહના વલીઓ એ છે કે જેઓ દુનિયાના બાતિન તરફ ત્યારે નજર કરે છે કે જ્યારે લોકો તેના જાહેર તરફ નજર કરે છે. તેઓ તેના અંત ખાતર ત્યારે વ્યસ્ત રહે છે કે જ્યારે લોકો તેના વર્તમાન ખાતર વ્યસ્ત રહે છે. અલ્લાહના વલીઓ એ બધી વસ્તુઓને મારી નાખે છે કે જે વસ્તુઓ વિષે તેમને બીક હોય છે કે તે તેમને મારી નાખશે, અને તેઓ એ બધી વસ્તુઓને છોડી દે છે કે જેમના વિષે તેઓ જાણતા હોય છે કે તે તેમને છોડી દેશે. તેઓ બીજા લોકોની દોલતને ગરીબાઈ સમજે છે, અને તેમની સાથે એ દોલત ખાતર હરીફાઈ કરવાને મોત સમજે છે. તેઓ એ વસ્તુના વિરોધી હોય છે કે જે વસ્તુથી લોકોને નિશ્ચિંતતા આવે છે, અને તેઓ એ વસ્તુથી નિશ્ચિંત હોય છે કે જે વસ્તુનો લોકો વિરોધ કરે છે. તેમની પાસે જ કિતાબનું ઈલ્મ છે, અને તેઓ તેનાથી જ જાણકારી મેળવે છે. તેમના વડે જ કિતાબ પણ કયામ કરે છે, અને તેઓ પણ કિતાબ વડે જ કયામ કરે છે. લોકો જેનાથી આશા બાંધે છે તેને અલ્લાહના વલીઓ આશા બાંધવાના લાયક ગણતા નથી, અને લોકો જેનાથી ભયભીત થાય છે તેને અલ્લાહના વલીઓ ભયભીત થવા લાયક ગણતા નથી."* [1]

1 મતાઉસ્સકલૈન લિ - મુજાહિદહુસૈન, ભાગ–૩, સફહા–૪૦૨

# ગડમથલ

**૩૯૫** | **સંપાદન:** જાફરી આવાઝ (કાર્યાલય)



## આડી ચાવીઓ

(૧) હુકમ, આજ્ઞા, આદેશ (૪)
(૪) એક મોટું પક્ષી, શાહમૃગ (૫)
(૭) કુરઆનના એક સૂરાનું નામ (૩)
(૮) સુખ, શાંતિ, આરામ, સરળતા (૩)
(૯) દૂધ, દુગ્ધ, દહીં (૩)
(૧૧) કરજ વસૂલ કરવું, માંગણી, તકાદો (૩)
(૧૩) અલ્લાહનું ઘર, બૈતુલ્લાહ (૨)
(૧૪) માર્ગ, રસ્તો, વ્યવસ્થા, પાણીની પરબ (૩)
(૧૫) બોરડી, બોરડીનું ઝાડ (૩)
(૧૭) સ્વયં, આપ, પોતે (૨)
(૧૮) શરીર, કયા, દેહ (૩)
(૨૦) ઉંમરમાં નાનું, અલ્પવયસ્ક (૩)
(૨૨) તખ્તીમાં 'ફે' પછી આવે છે (૨)
(૨૪) દુઃખ, રંજ, શોક, સંતાપ (૨)
(૨૬) દોરી, દોરડી, દોરડું, બંધન (૩)
(૨૮) આગમન, આવક (૩)
(૨૯) દયા, કૃપા, કરુણા, મહેરબાની (૩)
(૩૦) શક્તિશાળી, જીવિત (૪)
(૩૧) ધરતીકંપ, ભૂકંપ (૪)
(૩૨) છાતી, વૃક્ષસ્થળ (૪)

## ઊભી ચાવીઓ

(૧) બદનામી, નિંદા, ચુગલી (૪)
(૨) જન્મજાત, જન્મની સાથે આવેલું (૫)
(૩) ઊંટની કુરબાની, નદી, નહેર (૩)
(૫) માટી, ધૂળ, પૃથ્વી (૩)
(૬) રહેણીકરણી, રહેવાની રીતભાત (૬)
(૯) છલોછલ ભરેલું, ભરપૂર, પરિપૂર્ણ (૪)
(૧૦) લેપ, શરીર પર ચોપડવાનો પદાર્થ (૩)
(૧૨) સંદેશવાહક, સંદેશો લાવનાર (૩)
(૧૬) રસ્તા પર ચાલનાર વ્યક્તિ, પથિક (૪)
(૧૭) સ્વાર્થી, મતલબી માણસ (૫)
(૧૯) દરવાજો, દ્વાર, બારણું (૨)
(૨૧) અંશ, હિસ્સો, નસીબ (૩)
(૨૨) કાર્ય, કારોબાર, વેપાર (૨)
(૨૩) ફાતેમા (અ.)ને બક્ષિસ મળેલ બાગ (૩)
(૨૫) અરબીમાં 'ઘર' માટેનો શબ્દ (૩)
(૨૭) મીઠું, લવણ, ક્ષાર (૩)
(૨૮) દર્પણ, આયનો, અરીસો (૩)



# ઈબાદાત

## માહે ઝિલ્કાદના આમાલ

આ મહીનામાં રવિવારના દિવસની એક નમાઝ છે કે જે મોટી ફઝીલતવાળી છે, જેના વિષે રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે કે, "જે વ્યક્તિ આ નમાઝને પઢે તો તેની તોબા કબૂલ થઈ જાય છે, ગુનાહ માફ થઈ જાય છે, કયામતમાં દુશ્મનો તેનાથી ખુશ થઈ જશે, તેનું મોત ઈમાનની સાથે થશે, અને તેનો દીન સલામત રહેશે, તેની કબ્ર પહોળી અને રોશન હશે, તેના માબાપ તેનાથી ખુશ હશે, તેના બાળકોને માઅરેફત પ્રાપ્ત થશે, તેની રોજીમાં વિશાળતા હશે, મલકુલ મૌત તેની રૂહ નરમાશથી કબ્ઝ કરશે, અને તેનું મોત આરામની સાથે થશે."

**આ નમાઝની રીત આ મુજબ છે:**

ઝિલ્કાદ મહીનામાં રવિવારના દિવસે ગુસ્લ અને વુઝૂ કરીને ચાર રકાત નમાઝ બે-બે રકાતની નિય્યતથી પઢવાની છે, જેની બધી રકાતમાં સૂરા હમ્દ પછી ત્રણ વખત સૂરા તૌહીદ અને એક એક વખત સૂરા ફલક અને સૂરા નાસ પઢવો, અને ૭૦ વખત اَسْتَغْفِرُاللّٰهَ رَبِّى وَاَتُوْبُ اِلَيْهِ પઢવું, અને છેલ્લે આ દુઆ પઢે:

لَاحَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ

**અને પછી આ દુઆ પઢે:**

يَا عَزِيْزُ يَا غَفَّارُ اغْفِرْ لِىْ ذُنُوْبِىْ وَذُنُوْبَ جَمِيْعِ الْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنَاتِ فَاِنَّهُ لَا يَغْفِرُ الذُّنُوْبَ اِلَّا اَنْتَ

**૨૫મી ઝિલ્કાદના દિવસની ફઝીલત:**

આ દિવસે રોઝો રાખવાની ખૂબ જ ફઝીલત છે. એક રિવાયતમાં છે કે આજના દિવસનો રોઝો ૭૦ વર્ષના રોઝા બરાબર છે. એક બીજી રિવાયતમાં છે કે આજના દિવસનો રોઝો ૭૦ વર્ષના ગુનાહોનો કફ્ફારો છે.

જે વ્યક્તિ આજના દિવસે રોઝો રાખે, અને તે રાત્રે ઈબાદત કરે, તો તેના માટે ૧૦૦ વર્ષની ઈબાદત લખવામાં આવશે. આજના દિવસે રોઝો રાખવાવાળા માટે એ બધી વસ્તુઓ ઈસ્તિગ્ફાર કરે છે કે જે જમીન અને આસમાનમાં છે. આ તે દિવસ છે કે જેમાં અલ્લાહ તઆલાની રહમત દુનિયામાં ફેલાઈ જાય છે. આ દિવસે ઝિક્ર અને ઈબાદત કરવાનો ખૂબ જ મોટો બદલો છે.

**૨૫મી ઝિલ્કાદના આમાલ:**

(૧) આ દિવસે ગુસ્લ કરવું (૨) રોઝો રાખવો (૩) અલ્લાહનો ઝિક્ર અને ઈબાદત કરવી

**આ ઉપરાંત બે આમાલ આ મુજબ કરવા:**

બે રકાત નમાઝ ચાશ્તના સમયે (લગભગ સવારે નવ વાગ્યાના સમયે) પઢવી, જેમાં બન્ને રકાતમાં સૂરા હમ્દ

પછી પાંચ વખત સૂરા શમ્સ પઢવો, અને નમાઝની સલામ પછી આ દુઆ પઢે:

لَاحَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ

**પછી આ મુજબ પઢે:**

يَا مُقِيْلَ الْعَثَرَاتِ اَقِلْنِيْ عَثْرَتِيْ، يَا مُجِيْبَ الدَّعَوَاتِ اَجِبْ دَعْوَتِيْ، يَا سَامِعَ الْاَصْوَاتِ اسْمَعْ صَوْتِيْ
وَارْحَمْنِيْ، وَتَجَاوَزْ عَنْ سَيِّئَاتِيْ، وَمَا عِنْدِيْ يَا ذَا الْجَلَالِ وَالْاِكْرَامِ

**ઝિલ્કાદ મહીનામાં નીચે આપેલ દુઆ પઢવી મુસ્તહબ છે:**

